# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સંયુક્ત ઉપક્રમે "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ તથા સામાજીક વનીકરણ વિભાગ, સોજીત્રાના સંયુક્ત ઉપક્રમે તારીખ ૫ જુન, ૨૦૧૮ ના રોજ ખણસોલ ગામ ખાતે "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં ખણસોલ તથા ગાડા ગામના ૧૧૮ ખેડુત બહેનો તથા ખણસોલ ગામના સરપંચ શ્રી અમૃતભાઇ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વડાશ્રી ડૉ. જી.જી.પટેલ સાહેબે પ્રાસંગોચિત્ત ઉદબોધન કરી "વિશ્વ પર્યાવરણ દિવસ"ની ઉજવણીનો હેતુ સાથે ચાલુ વર્ષે પ્લાસ્ટીક કચરાની પર્યાવરણ પર અસર પરત્વેના થીમની જાણકારી આપી હતી. ત્યારબાદ શ્રીમતી અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) એ હવા, પાણી તથા જમીનના પ્રદુષણો વિશે સમજાવી તેના નિવારણ માટેના ઉપાયો જણાવ્યા તથા વૃક્ષોના છેદનથી થતી ગ્લોબલ વોર્મીંગની ખેતી પર અસરો વિશે જણાવતા વધુ વૃક્ષો વાવી તેનુ જતન કરવા સુચન કર્યુ. તદુપરાંત બહેનોને કુટુંબના સભ્યોનું સ્વાસ્થ્ય સારૂ રાખવા ઘર તથા ગામમાં સ્વચ્છતા રાખવા જણાવ્યુ. ડૉ. એસ. બી. કાટોલે, વૈજ્ઞાનિક (પશુપાલન) એ દુશીત પર્યાવરણથી પશુઓના શરીર પર થતા અસર વિશે ચર્ચા કરી તેમજ પ્લાસ્ટીકના ઉપયોગ ઓછો કરવાની તથા વૃક્ષોનું સંવર્ધન કરવાની સલાહ આપી. ડૉ. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ બાળકોને શાળામાંથી જ પ્લાસ્ટિક જે તે જગ્યાએ ન નાંખવાની અને પ્લાસ્ટિકને બાળવાથી હવામાં પ્રદુષણ ફેલાય છે તે બાબતનું માર્ગદર્શન મળવું જોઇએ તે અંગેની માહિતિ આપી તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરતી વખતે પુરતી કાળજી રાખવી જોઇએ. શ્રીમતી વીરુબેન ગોરડીયા, ઇન્ચાર્જ રેન્જ ફોરેસ્ટ ઓફીસર, સોજીત્રા એ વન વિભાગની વિવિધ યોજનાઓ વિશે માહિતિ આપી હતી.

કાર્યક્રમના અંતે શ્રીમતી વીરુબેન ગોરડીયા, ઇન્ચાર્જ રેન્જ ફોરેસ્ટ ઓફીસર, સોજીત્રા એ ઉપસ્થીત સર્વેનો આભાર વ્યક્ત કરી હાજર રહેલ બહેનોને વૃક્ષોનું વિતરણ કર્યું. ત્યારબાદ ખણસોલ ગામના સાર્વજનીક બગીચામાં સર્વે દ્વારા સફાઇની કામગીરી હાથ ધર્યા બાદ વૃક્ષારોપણ કર્યું. સદર કાર્યક્રમનું આયોજન તેમજ સંચાલન શ્રીમતી અમિતાબેન પરમાર, વૈજ્ઞાનિક (બાગાયત) તથા શ્રીમતી વીરુબેન ગોરડીયા, ઇન્ચાર્જ રેન્જ ફોરેસ્ટ ઓફીસર, સોજીત્રા દ્વારા કરવામાં આવેલ.

# કાર્યક્રમની ઝાંખીઓ






વૃક્ષારોપણ થકી
સુંદર પર્યાવરણ




વન વિકાસ
વિશ્વ પર્યાવરણ દિવસ
૫ મી જૂન
कृषि विज्ञान केन्द्र
आणंद कृषि विश्वविद्यालय
मेरा गांव - मेरा गौरव
कृषक प्रशिक्षण


વિશ્વ પર્યાવરણ
૫ મી જૂન
સામાજીક વની
ગ્રીન ગુજરાત
સ્વચ્છ ગુજરાત
બચાવો